**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૭૬ ટકા

## આજે ગાંધીનગરમાં

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રી મહોત્સવમાં દર્શના ગાંધી રાત્રે ૭.૩૦ કલાકે સે-૧૧ સ્થિત રામકથા મેદાનમાં ગરબાની રમઝટ જમાવશે.

● સિનિયર સીટીઝન્સ મહિલા પાંખ દ્વારા બપોરે ૩ કલાકે સે-૨૧ સ્થિત મહારાષ્ટ્ર ભવન ખાતે ગરબા યોજાશે.

● શિવશકિત મંદિર ચોક સે-૭-સી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે આરતી તથા ત્યારબાદ રતનસિંહ વાઘેલા દ્વારા આશા રાવળ અને અજીત યોગીરાજ દ્વારા ગરબાની રમઝટ જમાવાશે.

● નવરાત્રી સમિતિ સે-૩ ન્યુ દ્વારા રાત્ર ૮.૩૦ કલાકે આરતી તથા ૯ કલાકે અમીત પંડયા અને મ્યુઝીકલ પાર્ટી દ્વારા ગરબાની રમઝટ જમાવાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩ સી ના મધુબેન કે. કડીકર દ્વારા બપોરે ૨.૩૦થી ૫ દરમિયાન નીશાબેન પંજાબીના નિવાસસ્થાન સે-૧ સી પ્લોટ નં. ૩૨૧/૧ ખાતે ગાયત્રી મંદિરની ડાબુ બાજુમાં આનંદનો ગરબો યોજાશે.

# શહેરની શેરીઓમાં ગરબાની જમાવટ




ગાંધીનગર, તા.૪

નોરતાનો રંગ શહેરમાં જામ્યો છે ત્યારે ઠેર ઠેર ગરબા યોજાઈ રહ્યા છે. શહેરની શેરીઓ ખેલૈયાઓથી ઝુમી ઉઠી છે. ગરબામાં વિવિધ ગાયક કલાકારો દ્વારા ગરબાની જમાવટ જામી રહી છે. જાણે કે પારિવારીક માહોલ સેકટરના શેરી ગરબામાં જોવા મળી રહ્યો છે. સે-૩ ન્યૂ, સે-૭-સી અને સે-૫માં શેરી ગરબાની દરરોજ રમઝટ જામે છે.

શહેરમાં વિવિધ જગ્યાએ ગરબાની રમઝટ જામી રહી છે અને ખેલૈયાઓ મનમુકીને મા અંબેની આરાધના કરતા ગરબે ઘૂમી રહ્યા છે. શહેરના સેકટરો સાથે દરેક સોસાયટીઓમાં પણ ગરબાની રમઝટ જામી રહી છે. સે-૩ ન્યુ, સે-૫, સે-૭-સી સાથે નવા સેકટરોમાં શેરી ગરબામાં ખેલૈયાઓ પારિવારીક રીતે ગરબે ઘૂમતા જોવા મળી રહ્યા છે. સેકટરોમાં સાંજ ઢળતા જ રંગબેરંગી રોશની વચ્ચે ભકતોમાં માતાજીની પૂજા અર્ચના માટે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાત્રિના દરેક શેરીમાં આરતી બાદ ગરબાની રમઝટ જોવા મળે છે શહેરના રહેવાસીઓ ગરબે ઘૂમવા તત્પર રહે છે.

જયાં સે-૩ ન્યૂમાં સાંજે ૮.૩૦ વાગ્યાથી આરતી બાદ બાળકોને સનેડો અને ગરબા રમાડવામાં આવે છે અને લ્હાણી કરાય છે. દરરોજ નવી ગરબા પાર્ટી દ્વારા ગરબાની રમઝટ જામે છે. સતત નવમા વર્ષે થતું ગરબાનું આયોજન નવરાત્રી સમિતિ દ્વારા ખૂબ જ ઉત્સાહથી કરવામાં આવે છે. આ ઉપરાંત સે-૫માં મોટી સંખ્યામાં શહેરીજનો જોડાય છે. ઢોલ નગારા સાથે ગાયીકા આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. પાર્કીંગની વ્યવસ્થા પણ શેરી ગરબામાં આયોજન બધ્ધ કરાય છે. સે-૭-સીમાં પણ માજીના મંદિર પાસે ગરબાની રમઝટ જામે છે. દરરોજ વિવિધ ગરબા કલાકારો નીત નવીન ગરબાની પ્રસ્તુતિ કરે છે.

આમ, શરૂઆતના દિવસમાં વરસાદ નડવાથી હવે ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘૂમવાની તૈયારી સાથે શહેરની શેરીમાં સજીધજીને ગરબાની મજા માણી રહ્યા છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

● **વોર**
૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૨૦, ૧૨.૨૦, ૧.૨૦, ૨.૪૦, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૨૦, ૧૦.૨૦, ૧૧.૨૦

● **છીછોરે**
૪.૪૦

● **ડ્રીમગર્લ**
૪.૩૦

● **સાવેરા નરસીમ્મા રેડ્ડી**
૯.૩૦, ૧.૦૦, ૭.૨૦, ૧૦.૫૦

## ચિરવિદાય

● સ્વ. શુશીલકુમાર ઓકારજી પંચાલ, ઉ.વ. ૬૨

● સ્વ. ઠાકોર માસંગજી ધૂળાજી, ઉ.વ. ૭૬

● સ્વ. રાહુલ વિઠ્ઠલભાઈ મકવાણા, ઉ.વ. ૧૭

● સ્વ. ગંગાબેન શનાજી વાડોદરા, ઉ.વ. ૮૫

● સ્વ. જાની હિનાબેન જયેશભાઈ, ઉ.વ. ૫૭

## આચાર્ય શ્રીમદ્ વિજય રાજયશસુરીશ્વરની ૭૫મી જન્મજયંતી નિમિત્તે નિબંધ સ્પર્ધા

ગાંધીનગર, તા.૩

પૂ. ગુરૂદેવ આચાર્ય શ્રી રાજયશસુરીશ્વરજી મ.સા.ના ૭૫મા જન્મજયંતિવર્ષ નિમિત્તે 'અહિંસા અમૃત વર્ષ' ભારતભરમાં અખિલ ભારતીય અમૃત વર્ષ સમિતિ દ્વારા ઉજવણી થનાર છે તે નિમિત્તે અહિંસા, ભ્રૂણહત્યા વિરોધ શાકાહાર, પશુબલિ નિવારણ ઉપરોકત વિષય ઉપર ૫૦૦ શબ્દોની મર્યાદામાં નિબંધ સ્પર્ધા યોજેલ છે. ગુજરાતી ભાષામાં નિબંધ લખવાનો રહેશે. જે ૩૦મી જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં મોકલવાનો રહેશે. પુરસ્કારમાં પ્રથમ આવનારને રૂ. ૨૧૦૦૦, દ્વિતિયને રૂ. ૧૫૦૦૦ તથા તૃતીયને રૂ. ૧૧૦૦૦ ઈનામ આપવામાં આવશે. વિશ્વભરમાં કોઈ પણ ધર્મ સંપ્રદાયના દરેક વયના ભાવિકો નિબંધ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્પર્ધકોને પુરું નામ, સરનામું, ઉંમર, મોબાઈલ જણાવવો જરુરી છે. નિર્ણાયક મંડળનો અંતિમ નિર્ણય માન્ય રહેશે. કૃતિ મોકલવાનું સરનામું ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન ૯૦૩, કાન્હા, પાર્થસારથી એવન્યુ બિલેશ્વર મહાદેવની સામે, સેટેલાઈટ અમદાવાદ ખાતે તથા કૃતિ ઈમેલ labdhivikram@gmail.com, pinakimeghani@gmail.com પર મોકલી શકાશે.

## શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં ગાંધી જયંતીની ઉજવણી




કડી સર્વ વિદ્યાલય સંચાલિત શેઠ સી.એમ. શાળા દ્વારા ગાંધી જયંતી નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી તથા નિવૃત્ત સચિવ કનુભાઈ દવેએ વિવિધ દૃષ્ટાંતો સાથે ગાંધીકથા બાળકોને કહી સંભાવી હતી તથા ગાંધીજીના જીવન કવન પર વિદ્યાર્થીઓ દ્વારા ચિત્ર પ્રદર્શન યોજાયું હતું. કાર્યક્રમમાં વૈષ્ણવ જનતોનું સમૂહગાન કરવામાં આવ્યું હતું તથા વિદ્યાર્થીઓએ ગાંધી ચિંધ્યા માર્ગે રાષ્ટ્રનિર્માણ માટે યોગદાન આપવા પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યા ડૉ. ચેતના બુચ દ્વારા સ્વાગત પ્રવચન, કનુભાઈ પટેલ દ્વારા આભારવિધિ તથા વી.એમ.પટેલ દ્વારા મહેમાનોને આવકારવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના અન્ય શિક્ષકો મહેશભાઈ ખોરસમા, આર.આર. પટેલ, જે.કે. પટેલ, આર.કે. ચૌહાણ તથા નવીનભાઈ પટેલનો મહત્વનો ફાળો રહ્યો હતો.




પ્રતિભા એકેડમી, ગાંધીનગર દ્વારા તા.૨ ઓક્ટોબર, ૨૦૧૯ ના રોજ જુના સચિવાલય ખાતે ૮ મી ગાંધીનગર ઈન્ટર સ્કૂલ ચેસ ચેમ્પિયનશિપ - ૨૦૧૯ યોજવામાં આવી હતી. આ ચેસ ટુર્નામેન્ટમાં હિલવુડ્સ સ્કૂલનો વિદ્યાર્થી રૂદ્ર તેજસ ગાંધીએ અંડર -૯ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. જે બદલ રૂદ્રને પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## સેકટર-૭-ડીના વસાહતીઓ ગટર વિભાગથી ત્રાહિમામ

ગાંધીનગર, તા.૩

સેકટર-૭-ડીમાં પ્લોટ નં. ૧૨૦૨/૧ આગળ આવેલ રોડ ઉપર ઘણા સમયથી ગટર બેસી ગયેલ છે. આ રસ્તા ઉપર સ્કુલના બાળકો તેમજ વયસ્કો અવરજવર કરે છે. છેલ્લા એક વર્ષથી ફરિયાદો કરવામાં આવેલ છે પરંતુ સંતોષકારક જવાબ મળેલ નથી એક કચેરીથી બીજી કચેરી વચ્ચે ધક્કા ખાવાના રહે છે. વિશેષમાં છેલ્લા કેટલાય સમયથી ગટરના પાણી પાછા ધકેલાય છે. જેથી ઘરોમાં ગટર ઉભરાય છે જેથી વસાહતીઓ ત્રાસી ગયા છે. ગટર વિભાગના જવાબદારો કહે છે ગટર સાફ કરવાનું યંત્ર નથી. તાજેતરમાં સે-૭-ડીના બગીચા પાસે પણ મોટો ગટર ખાડો પડેલ હતો જે વસાહતીઓની દોડધામથી પુરાયો છે. તેથી ગટરની કામગીરીથી વસાહતીઓ પારાવાર મુશ્કેલીમાં મુકાયેલ છે અને ભયકંર રોગચાળો ફાટી નીકળવાની દહેશત જણાયેલ છે.

# સરગાસણ ગામની સીમમાં મહિલાની કરપીણ હત્યા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરનો અડીને આવેલા સરગાસણ ગામની સીમમાં મહિલાની હત્યા કરાયેલો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. મહિલાને માથાના ભાગે તિક્ષણ હથીયારના ઘા મારીને હત્યા નિપજાવી હોય તેવુ લાગી રહ્યું છે. પિયરમાં રહેતી મહિલાની હત્યાને પગલે ઈન્ફોસીટી પોલીસ, એલસીબી પોલીસ અને એસઓજી પોલીસ ઘટના સ્થળે પહોચીને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. પતિથી અલગ રહેતી મહિલાની હત્યા માટે કોઈ ચોક્કસ કારણ બહાર આવ્યું નથી અને કોઈ શંકાસ્પદ પણ નથી. ત્યારે પોલીસે ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ એકસપાર્ટની મદદ લઈ તપાસ શરુ કરી છે.




પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ સરગાસણ ગામની સીમમાં નાળીયાના માર્ગે બુધવારના રોજ મોડી સાંજના સુમારે એક મહિલાનો હત્યા કરાયેલ મૃતદેહ મળી આવ્યો હતો. જેનો પગલે ગ્રામજનોએ ઈન્ફોસીટી પોલીસને જાણ કરતા તાત્કાલીક ઘટના સ્થળે પોલીસનો કાફલો પહોંચી ગયો હતો. પોલીસે તપાસ શરુ કરતા મૃતદેહ ગામના ઠાકોર વાસમાં રહેતા બકુલાબેન શકરાજી ઠાકોર (ઉં.વ.૩૮) હોવાનું સામે આવ્યું હતું. મૃતક મહિલાના મોંઢાના ભાગે તેમજ માથાના ભાગે ત્રણ ઘા જોવા મળ્યા હતા. જેને પગલે કોઈએ લોખંડના સળીયા જેવા બોથડ પદાર્થથી તેણીની ક્રુર રીતે હત્યાકરી હોવાનું અનુમાન છે. મહિલા ગામ પાસે આવેલી નાગરીક બેંકમાં સફાઈ તેમજ બીજા ઘરોમાં કામ કરતા હતા જે નાળીયાના માર્ગેથી જ આવતા જતા હતા. મહિલાના લગ્ન પ્રાંતિયા ખાતે થયા હતા, લગ્ન જીવનમાં તેમને ૧૩ વર્ષનો એક પુત્ર છે. જો કે પતિ સાથે મનદુખમાં તેઓ છેલ્લા ૪ વર્ષથી પિયરમાં જ માતા સાથે રહેતા હતા. પોલીસે એફએસએલ અને ડોગ સ્કવોડની મદદથી બનાવ સ્થળની તપાસ કરી હતી. જેમાં ડોગ ઘટના સ્થળથી પાસેના માર્ગ પર આવીને અટકી ગયો હતો.જેને પગલે પોલીસને શંકા છે કે આરોપી રોડ પરથી કોઈ વાહન લઈને ભાગ્યો હોવો જોઈએ. ઘટના અંગે મૃતકના ભાઈ તલાજી શકરાજી ઠાકોરે (ઉં.વ.૪૨) ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે મહિલાની હત્યા કોણે અને કયા કારણથી કરી તે અંગે હજુ મુંઝવણ છે.

# જીઆઈડીસીમાંથી ચોરાયેલી ૧૦ લાખની સિગારેટ ચોરીનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરની સેકટર-૨૬ જીઆઈડીસી વિસ્તારમાંથી ટ્રાન્સપોર્ટની ટ્રકમાંથી રૂ.૧૦ લાખની સિગારેટની ચોરીના બનાવનો ભેદ ગાંધીનગર એલસીબી પોલીસે ઉકેલી દીધો છે. પોલીસે આ કેસમાં ત્રણ આરોપીઓની અટકાયત પણ કરી છે.ગત તા.૨૪ મીએ રાત્રે આરોપીઓએ ૧૦ કાર્ટુન સિગારેટ રૂ.૧૦ લાખની કિંમતની ચોરી કરી હતી. બનાવ અંગે સે-૨૧ પોલીસે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી હતી. ત્યારે એલસીબી પીઆઈ જે.જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે.રાઠોડની ટીમ થઈ સક્રિય હતી. ત્યારે બાતમીના આધારે નાના ચિલોડા પાસેથી કાર સાથે ત્રણ યુવકોને પકડી પાડ્યા હતા. જી.જે.૦૧.એચ.આર-૫૭૪૯ નંબરની વર્ના કારમાં પડેલા એક કાર્ટુનમાં જુદી-જુદી બ્રાન્ડની ૭૮૫ પેકેટ સિગારેટ મળી આવી હતી.


પકડાયેલા ત્રણ આરોપીમાંથી દર્શન રમેશભાઈ ઉનાગર (એ-૧૪૬ શિવછાયા સોસાયટી, વેડ રોડ)ચોરીનો આરોપી છે. જયારે યોગીન વલ્લભભાઈ કુકડીયા(૪૪ લક્ષ્મીનારાયણ સોસાયટી, વિભાગ-૨ ડભોલી ચાર રસ્તા) અને નિખીલ ભરતભાઈ ટાંક (૧૦૨ જયભવાની કોમ્પ્લેક્ષ વેડ રોડ) રિસિવર તરીકે આવ્યા હતા. દર્શ નપોતાના સાગરીતો સાથે ચોરી માટે બે એકસેસ અને એક કાર લઈને સુરતથી આવ્યો હતો. ચોરી બાદ શખ્સોએ સુરત જઈને ભાગ પાડ્યા હતા. ચોરીના સમયે જીઆઈડીસીના સીસીટીવી કેમેરામાં કાર તો કેદ થઈ ગઈ હતી. પરંતુ તેનો નંબર દેખાતો ન હતો. જેને પગલે સીસીટીવી કંટ્રોલરૂમમાં કામ કરતા જવાનોએ કલાકોની મહેનત કરીને કાર અને નંબર શોધી કાઢ્યો હતો. જેને પગલે એલસીબી પોલીસ આરોપી શુધી પહોંચી શકી હતી. આરોપી દર્શન સાથે ચોરીમાં અન્ય છ શખ્સો પણ સામેલ હતા. જેને પગલે સે-૨૧ પોલીસે તપાસનો ધમધમાટ શરુ કરીને ચોરીમાં સામેલ અન્ય ઈસમોની પણ શોધખોળ આદરી છે.

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીમાં થેલેસેમીયા અવેરનેસ અને પ્લાસ્ટીક ફ્રી કેમ્પસ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૩

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી એનસીસી અને એનએસએસ યુનિટ દ્વારા થેલેસેમિયા અવેરનેસ અને ગુજરાત એનસીસી સે-૧૫, ગાંધીનગર પ્રેરીત સ્વચ્છ પખવાડિયાના શિર્ષક હેઠળ પ્લાસ્ટીક ફ્રી કેમ્પસનો કાર્યક્રમ યોજાયો હતો.

આ ઉપક્રમે રેડક્રોસ સોસાયટી અમદાવાદના સહયોગથી એન્જિનીયરીંગ કોલેજના પ્રથમ વર્ષના દરેક વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો અને વિદ્યાર્થીઓને થેલેસેમિયા મેજર, માઈનર અને થેલેસેમીયા રોગની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

થેલેસેમીયા અવેરનેસ કાર્યક્રમની સાથે કેમ્પસના એનસીસી યુનિટ દ્વારા ગર્વમેન્ટ દ્વારા જાહેર કરવામાં આવેલા સ્વચ્છ પખવાડિયા અંતર્ગત પ્લાસ્ટીક ફ્રીનો કાર્યક્રમ એનસીસીના કેડેટસ દ્વારા ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં એનસીસી કેડેટસે સંપૂર્ણ કેમ્પસને પ્લાસ્ટીક ફ્રી બનાવી સમાજને પ્લાસ્ટીકના ઉપયોગને ટાળવાનો સંદેશો આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન કોલેજના એનસીસી ઈન્ચાર્જ પ્રો. રસિક તન્ના અને એનએસએસના ઈન્ચાર્જ પ્રો. નિલેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી ઉજવાઈ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગરના પ્રાંગણમાં તા. ૨જી ઓકટોબરના રોજ મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે તા. ૧લી ઓકટોબર ૨૦૧૯ના રોજ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિ.ના મા. કુલપતિ હર્ષદભાઈ પ્ર. શાહ દ્વારા ગાંધીજીની જન્મજયંતીની ઉજવણીના ઉપક્રમે યુનિવર્સિટી પરિવારના તમામ સભ્યો તેમજ વિવિધ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રેરક પ્રવચન આપ્યું હતું.

ઉજવણીના બીજા તબક્કામાં ૨જી ઓકટોબર ૨૦૧૯ના રોજ 'ફીટ ઈન્ડિયા પ્લોગિંગ રન' અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીને કુલપતિ હર્ષદભાઈ શાહે લીલો ઝંડો બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. રેલીમાં કુલપતિશ્રી યુનિવર્સિટી પરિવારના તમામ સભ્યો તેમજ વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓએ માર્ગ, લારી તથા દુકાનોની આસપાસ જોવા મળેલ પ્લાસ્ટિકનો તથા અન્ય કચરો સાફ કરીને એક બેગમાં એકત્રિત કર્યો હતો. . મા. કુલપતિશ્રીએ લારી તેમજ દુકાનદારોને કચરો કચરાપેટીમાં જ નાંખવા અને સ્વચ્છતા જાળવવા માટે પ્રબોધન પણ કર્યુ હતું. આ ઉપરાંત રેલીમાં સ્વચ્છતા અને સ્વસ્છતા અંગે સૂત્રોચ્ચાર કરી ગાંધીગીતો ગાવામાં આવ્યા હતા તથા પ્લેકાર્ડ મારફતે સમાજમાં જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રેલી યુનિવર્સિટી પ્રાંગણથી શરૂ થઈ સે-૨૦ અને ૨૧માંથી થઈને છ-૫ 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ' પાસેથી પરત યુનિવર્સિટીના પ્રાંગણમાં સમાપ્ત થઈ હતી.

